ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/રેગ્યુલર/2021/ 1129
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા:-03/08/2021

પ્રતિ,
આચાર્યશ્રી,
રજૂઆત કરનાર શાળા. (બિડેલ યાદી મુજબ)

<u>વિષય:-</u> ધો.10 એસ.એસ.સી. વર્ષ-2021ના નિયમિત ઉમેદવારોના ઓનલાઇન ગુણ અપલોડ કરવામાં થયેલ ભૂલ બાબતની રજૂઆત.

<u>સંદર્ભ-1:-</u> મઉમશબ/માધ્યમિક/મા.પ્ર.-2021/1089 તા:-03/06/2021નો પત્ર.

<u>સંદર્ભ-2:-</u> મઉમશબ/માધ્યમિક/2021/1095 તા:-07/06/2021નો પત્ર.

<u>સંદર્ભ-3:-</u> તા:-17/07/2021ની બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ.

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ-2021ના નિયમિત ઉમેદવારોને માસ પ્રમોશનથી પાસ જાહેર કરેલ હતા. બોર્ડ દ્વારા સંદર્ભિત પત્રથી ધો-10ના નિયમિત વિદ્યાર્થીઓનું શાળા કક્ષાએ મૂલ્યાંકન કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હતી.

ધો-10નાં નિયમિત ઉમેદવારોનું શાળા કક્ષાએ પરિણામ તૈયાર કરી, પરિણામ સબંધિત તમામ દસ્તાવેજોની ખરાઈ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દ્વારા કરવામાં આવશે અને આખરી કરેલ પરિણામોના આધારોની પ્રમાણિત નકલ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં રજુ કરવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. ધો-10 એસ.એસ.સી.ના નિયમિત ઉમેદવારોના પરિણામ તૈયાર કરવા સબંધિત સમયપત્રક પણ તૈયાર કરી તમામને જાણ કરવામાં આવેલ હતી. શાળાઓ દ્વારા તૈયાર કરેલ પરિણામ બોર્ડની વેબસાઈટ પર અપલોડ કરવા માટે તા:-08/06/2021 થી તા:-17/06/2021 સુધીનો સમય પણ નિર્ધારિત કરવામાં આવેલ હતો. ધો.10ના પરિણામ તૈયાર કરવા માટે શાળાના આચાર્યશ્રીની અધ્યક્ષતામાં માધ્યમિક શાળાના વિષય શિક્ષકોની સમિતિની રચના કરવાની સૂચના આપવામાં આવેલ હતી. શાળા પરિણામ સમિતિએ ધો.10ના નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરતી વખતે ઉપયોગમાં લીધેલ તમામ આધારો ઉપર સહી કરીને તારીખ દર્શાવવાની રહેશે અને શાળા પરિણામ સમિતિ આ પરિણામ માટે જવાબદાર ગણાશે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવેલ હતી.

માધ્યમિક શાળાઓ દ્વારા તૈયાર થયેલ પરિણામને શાળાઓ દ્વારા જ બોર્ડના પોર્ટલ પર અપલોડ કરેલ જે આધારે બોર્ડ દ્વારા તા:-29/06/2021ના રોજ ઓનલાઇન પરિણામ જાહેર કરવામાં આવેલ હતું.

ધો.10 એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયા બાદ કેટલીક શાળાઓ દ્વારા અત્રે એવી રજૂઆત કરવામાં આવેલ કે ઓનલાઇન ગુણ મૂકવામાં શાળા દ્વારા ક્ષતિ થયેલ જણાય છે. આ વર્ષે શાળાઓ દ્વારા પરિણામ તૈયાર કરવાનું હોય અને વિદ્યાર્થીના પરિણામ સંબધિત તમામ દસ્તાવેજો શાળા કક્ષાએ જ હોય બોર્ડ દ્વારા આ વિશે કોઇ કાર્યવાહી કરવાની થતી ન હતી, પરંતુ શાળાઓના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓના વાલી-વારસોની રજૂઆત પરત્વે બોર્ડની તા:-17/07/2021ની કારોબારી સમિતિએ બોર્ડ ખાતે રૂબરૂ રજૂઆત કરેલ શાળાઓની અરજી પરત્વે જ સદર બાબતની કાર્યવાહી કરવી તથા શાળા પાસેથી નિયત કરેલ પેનલ્ટી વસૂલ કરી કાર્યવાહી કરવા ઠરાવેલ છે.

બોર્ડ ખાતે રૂબરૂ થયેલ રજૂઆતો પરત્વે આચાર્યશ્રીએ નીચેના આધારો / દસ્તાવેજો સાથે બિડેલ કાર્યક્રમ મુજબ બોર્ડની માધ્યમિક શાખામાં રૂબરૂ આવવાનું રહેશે. આ પ્રક્રિયા દરમ્યાન શાળાના જવાબદાર આચાર્યશ્રીએ જ બોર્ડનો સંપર્ક કરવાનો રહેશે.

1. શાળા દ્વારા જે વિદ્યાર્થીના ઓનલાઇન ગુણ અપલોડ કરવામાં ક્ષતિ થયેલ છે તેવા વિદ્યાર્થીના શાળા સમિતિએ ગુણાંકન નીતિ અંતર્ગત પરિણામ તૈયાર કરવા માટે ધ્યાને લીધેલ આધારો, દસ્તાવેજો અને જે-તે વિદ્યાર્થીની ગુણાંકન સીટ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દ્વારા ઓથોરાઇઝ થયેલ હોય તે રજૂ કરવાની રહેશે.
2. ઓનલાઇન ગુણ મુકવામાં થયેલ ક્ષતિની શાળાની રજૂઆત પરત્વે જો ક્ષતિ થયેલ છે તેવું જણાય તો જ શાળાના જવાબદાર આચાર્યશ્રીને તમામ આધારો, દસ્તાવેજો અને જિલ્લાશિક્ષણાધિકારીશ્રીએ ઓથોરાઇઝ કરેલ પરિણામની નકલ, પરિણામ તૈયાર કરવાની તા:-03/06/2021ની સૂચનાઓના અનુસંધાને જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવેલ સંગ્રહિત પરિણામની નકલ સાથે બિડેલ કાર્યક્રમ મુજબ બોર્ડની કચેરીમાં હાજર રહેવાનું રહેશે.
3. બોર્ડ કક્ષાએ આપના દ્વારા સમયમર્યાદામાં જે વિદ્યાર્થીઓની ગુણમાં ઓનલાઇન અપલોડ કરવામાં ક્ષતિ રહેલ છે તે રજૂઆતમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓના કિસ્સામાં રજૂઆતની સાથે બિડેલ આધારોના અસલ દસ્તાવેજોની સાથે શાળાના જવાબદાર આચાર્યશ્રીએ તા:-03/06/2021ના પરિપત્રમાં વર્ષ-2021ના નિયમિત વિદ્યાર્થીઓના ધો.10ના ગુણાંકન નીતિ સંબધિત ઉપયોગમાં લેવાયેલ દસ્તાવેજો, આધારો, ઓનલાઇન પરિણામની પ્રિન્ટ (બે નકલમાં), અસલ ગુણપત્રક / પ્રમાણપત્ર લઇ માધ્યમિક શાખામાં આવવાનું રહેશે અને બોર્ડ દ્વારા નક્કી થયેલ પેનલ્ટી ભરીને જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
4. આ સાથે સામેલ યાદીનો અભ્યાસ કરી રજૂઆત કરનાર શાળાઓએ નક્કી થયેલ તારીખ અને સમયે તમામ આધાર અને દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે. જો સમય અને તારીખે ઉપસ્થિતી નહી જણાય તો આપશ્રીએ કંઇ જ કહેવું નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ:- શાળાએ હાજર રહેવાની તારીજ.

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/ 11593
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. ૬/૦૮/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, યાદી મુજબની શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.

## વર્ષ-2021ની ધો.10 ના નિયમિત ઉમેદવારોના ઓનલાઇન ગુણ મુકવામાં ભુલ કરેલ શાળાઓને બોર્ડને રૂબરૂ બોલાવવાનો કાર્યક્રમ

| કેસ નં. | જિલ્લો | શાળાનો ઇન્ડેક્ષ નંબર | રજૂઆત કરનાર શાળાનું નામ | રજૂઆતમાં ક્ષતિ થયેલ વિદ્યાર્થીની સંખ્યા | રૂબરૂ બોર્ડ ખાતે હાજર રહેવાની તારીખ |
|---|---|---|---|---|---|
| 20 | સુરત | 68.829 | ARIHANT ACADEMY | 1 | 11-08-2021 |
| 33 | સુરત | 68.282 | M.N.J.PATEL MADHYAMIK SHALA | 1 | 11-08-2021 |
| 35 | સુરત | 68.356 | SURAT PEOPLE'S BANK HIGH SCHOOL | 1 | 11-08-2021 |
| 47 | સુરત | 68.413 | SHRI B R PARMAR HIGH SCHOOL | 1 | 11-08-2021 |
| 53 | સુરત | 68.316 | R B DHAMI VIDHYALAYA | 1 | 11-08-2021 |
| 103 | સુરત | 68.558 | PRESIDENCY SCHOOL (SECONDARY SECT)(ENG MED) | 1 | 11-08-2021 |
| 108 | સુરત | 68.856 | TEJASVI SANSKAR VIDHYALAY | 1 | 11-08-2021 |
| 112 | સુરત | 68.336 | CHANANMAL SAHANI VIDHYA BHARTI ENGLISH SCHOOL | 9 | 11-08-2021 |
| 113 | સુરત | 68.043 | SMT.L.P.D.PATEL SARV.VIDYALAYA, PUNA. | 1 | 11-08-2021 |
| 132 | સુરત | 68.596 | M.A.BOYS SECONDARY SCHOOL | 12 | 13-08-2021 |
| 140 | સુરત | 68.289 | SADHANA VIDHYA BHAVAN SANCH.HI.SEC.GIRL'S SCHOOL | 1 | 11-08-2021 |
| 141 | સુરત | 68.289 | SADHANA VIDHYA BHAVAN SANCH.HI.SEC.GIRL'S SCHOOL | 1 | 11-08-2021 |
| 142 | સુરત | 68.815 | AKSHARDHAM HIGH SCHOOL | 11 | 13-08-2021 |
| 161 | સુરત | 68.340 | GURUKUL VIDHYAPITH V.T.CHOKSI ENG.MED.SCHOOL | 1 | 11-08-2021 |
| 163 | સુરત | 68.087 | SHREE V S PATEL HIGH SCHOOL | 1 | 11-08-2021 |
| 171 | સુરત | 68.102 | B B SARVAJANIK HIGH SCHOOL | 1 | 11-08-2021 |
| 187 | સુરત | 68.204 | SHANTINIKETAN VIDYAVIHAR | 55 | 13-08-2021 |
| 189 | સુરત | 68.192 | HAJI A. M. MOTALA SARVAJANIK HIGH SCHOOL | 1 | 11-08-2021 |
| 192 | સુરત | 68.011 | LOURDES CONVENT HIGH SCHOOL | 1 | 11-08-2021 |
| 206 | સુરત | 68.340 | GURUKUL VIDHYAPITH V.T.CHOKSI ENG.MED.SCHOOL | 1 | 11-08-2021 |
| 208 | સુરત | 68.298 | PREM BHARTI SAKET HINDI MADHYAMIK VIDHYALAYA | 28 | 13-08-2021 |
| 211 | સુરત | 68.278 | NEW MODEL HIGH SCHOOL (G.M.) | 8 | 11-08-2021 |

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.